# વ્રતનો કોડ ડીકોડ કરો






આજે આપણે વારંવાર ફરિયાદ કરીએ છીએ કે નવી પેઢી આપણી પરંપરાઓ, વ્રતો અને તહેવારોને ભૂલતી જાય છે પરંતુ એક પ્રશ્ન આપણે પોતાને પણ પૂછવો જોઈએ- શું આપણે ક્યારેય તેમને આ પરંપરાઓ પાછળનું કારણ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે? શું આપણે માત્ર એટલું જ કહ્યું કે 'આ કરવું જોઈએ', કે પછી એ પણ સમજાવ્યું કે 'આ શા માટે કરવું જોઈએ?' ખરું જોતાં આપણને જ તે પરંપરા પાછળનાં રહસ્યો નથી ખબર કે પછી જાણવા પ્રયત્ન જ નથી કર્યો. તો પછી પહેલા સ્વયંને અપડેટ કરો. તમે સમજશો તો જ યોગ્ય રીતે સમજાવી શકશો. આજનો યુવાન પરંપરાનો વિરોધી નથી, તે કારણ શોધે છે, તર્ક માંગે છે અને જીવનમાં તેનો અર્થ જાણવા ઈચ્છે છે. જો આપણે ઈચ્છતાં હોઈએ કે આપણી વર્ષો જૂની પરંપરાઓ આવતી પેઢી સુધી જીવંત રહે તો માત્ર વિધિઓનો આગ્રહ રાખવાથી નહીં ચાલે. તેની પાછળ છુપાયેલાં જીવનમૂલ્યોને આજની ભાષામાં, આજની સમજ પ્રમાણે અને આજના જીવન સાથે જોડીને સમજાવવા પડશે કારણ કે **પરંપરા ત્યારે જ ટકે છે, જ્યારે નવી પેઢીને તેમાં પોતાનું ભવિષ્ય દેખાય, માત્ર ભૂતકાળ નહીં. તેઓ 'ડરથી' નહીં, પરંતુ 'અર્થથી' જોડાશે.**

જ્યારે આજની પેઢી પ્રશ્ન કરે કે, 'નાગ પંચમી કેમ?', 'શીતળા સાતમ કેમ? બોળચોથ - નોળી નોમ ફક્ત માતાઓ જ કેમ કરે?' ઘણા લોકોને આવા પ્રશ્નોથી લાગે છે કે નવી પેઢી પરંપરાથી દૂર જઈ રહી છે પરંતુ હું એવું માનું છું કે પ્રશ્નો પરંપરાના વિરોધમાં નથી, પ્રશ્નો તો સમજણની શરૂઆત છે. ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા એ રહી છે કે અહીં પ્રશ્નોને ક્યારેય દબાવવામાં નથી આવ્યા. નચિકેતાએ યમરાજને પ્રશ્ન પૂછ્યા, અર્જુને શ્રીકૃષ્ણને અને ગાર્ગી-મૈત્રેયીએ ઋષિઓ સાથે સંવાદ કર્યો એટલે પ્રશ્ન કરવો એ આપણી સંસ્કૃતિનો જ ભાગ છે. પ્રશ્ન એ નથી કે નવી પેઢી બદલાઈ ગઈ છે, પ્રશ્ન એ છે કે શું આપણે પરંપરાને આજની ભાષામાં સમજાવી શક્યા છીએ?

મને લાગે છે કે આપણા પૂર્વજોએ જીવનનાં મહાન મૂલ્યોને માત્ર ગ્રંથોમાં નહીં પરંતુ વ્રતો અને તહેવારોમાં જીવંત રાખ્યાં હતાં કારણ કે પુસ્તક થોડા લોકો વાંચે છે પરંતુ તહેવાર આખો સમાજ ઉજવે છે. એટલે દરેક વ્રત પાછળ કોઈ ને કોઈ જીવનદર્શન છુપાયેલું છે.

નાગ પંચમીને જ લઈએ. જો આપણે માત્ર એટલું જ કહીએ કે 'નાગની પૂજા કરો, દૂધ પીવડાવો' તો આજની પેઢી કદાચ પ્રશ્ન કરશે પરંતુ જો આપણે કહીએ કે 'આ દિવસ પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વનો દિવસ છે, તો તે તરત સમજી જશે. આજની પેઢી ટ્રેકિંગ કરે છે, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી કરે છે, પર્યાવરણ બચાવવાની વાત કરે છે, સ્નેક રેસ્ક્યુ જેવી પ્રવૃત્તિઓને સમર્થન આપે છે, મૂળ વિચાર તો એ જ છે. આપણા પૂર્વજોએ હજારો વર્ષ પહેલાં નાગ પંચમી દ્વારા સમજાવ્યું હતું કે **પ્રકૃતિ પર વિજય નહીં, પ્રકૃતિ સાથે સંવાદ જરૂરી છે**. શીતળા સાતમને પણ માત્ર 'ઠંડું ભોજન ખાવાનો દિવસ' કહીને સમજાવી શકાય નહીં. આજની પેઢી ડિટોક્સ, ગટ હેલ્થ, ઈમ્યુનિટી, સીઝનલ કેર અને

> **પુસ્તક થોડા લોકો વાંચે છે પરંતુ તહેવાર આખો સમાજ ઉજવે છે. એટલે દરેક વ્રત પાછળ કોઈ ને કોઈ જીવનદર્શન છુપાયેલું છે**

વેલનેસની ભાષા સમજે છે. આપણા પૂર્વજોએ ઋતુ પરિવર્તન દરમિયાન શરીર અને જીવનશૈલીમાં સંયમ રાખવાનો સંદેશ આવાં વ્રત દ્વારા આપ્યો હતો. આજે ભાષા બદલાઈ છે પરંતુ હેતુ તો એ જ છે - સ્વાસ્થ્યનું જતન. બોળ ચોથ અને નોળી નોમ આ વ્રતોનો મૂળ ભાવ કોઈ એક લિંગ સાથે જોડાયેલો નથી. એ માતાના નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતીક છે. આજની પેઢી આવાં વ્રતને 'માઈન્ડફુલ પેરેન્ટીંગ ડે' તરીકે સમજી શકે - જેમ કે એક એવો દિવસ, જ્યારે માતા-પિતા પોતાનાં સંતાનનાં સુખ, સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે સંકલ્પ કરે.

આપણી સંસ્કૃતિએ સ્ત્રીને શક્તિનું સ્વરૂપ માન્યું છે, તેથી જ કુમારિકા પૂજન કરી તેમના આશીર્વાદ મેળવવાની પરંપરા છે. આજે જ્યારે મહિલા દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરી રહી છે ત્યારે એ વધુ સ્પષ્ટ થાય છે કે પરંપરાનો હેતુ ભેદભાવ નહીં પરંતુ જવાબદારી અને કરુણાની ભાવનાને જાગૃત કરવાનો હતો.

કેસ

સાસુ તૃપ્તિબેન અને વહુ ઉન્નતિ તેમની વચ્ચેના અનેક મતમતાંતર લઈને આવ્યાં હતાં. તૃપ્તિબેન વાતેવાતે વહુ ઉન્નતિ પર 'આજની પેઢી આમ નથી કરતી', 'આમ નથી માનતી', જેવા બળાપા કાઢતા હતા અને ઉન્નતિ ''હવે એ જમાનો નથી રહ્યો કે વહુ તમારું કહ્યું કરે'', ''મારું જીવન હું મારી રીતે જ જીવીશ'' જેવી દલીલો કરતી રહી. બંને પક્ષે આક્રોશ વધુ અને એકમેકને સમજવાની વૃત્તિ ઓછી જણાઈ આવતી હતી. મારા સ્વભાવ મુજબ, તે દિવસો વ્રત- તહેવારોના હોવાથી મેં સહજતાથી વાત વ્રત- તહેવારો તરફ વાળી. ત્યારે તૃપ્તિબેન તરત બોલી ઊઠ્યાં કે, ''એ અમારી પરંપરાઓ ક્યાં માને જ છે?'' ઉન્નતિએ વળતો જવાબ આપ્યો, ''તમે વળી ક્યાં કોઈ વ્રત કરો જ છો? મારાં વડસાસુ હતાં તે કરતાં હતાં, હવે તમે તો બંધ જ કરી દીધું ને?'' તૃપ્તિબેન નીચું જોઈ રહ્યાં. મેં વાતને હળવાશથી જીવન અને પરિવારનાં મૂલ્યો તરફ વાળી અને ઉન્નતિ સાથે સંવાદ શરૂ કર્યો. મેં પૂછ્યું કે, ''આજે સમગ્ર વિશ્વ વર્લ્ડ એન્વાયર્મેન્ટ ડે, મધર્સ ડે, ફાધર્સ ડે, મેન્ટલ હેલ્થ ડે જેવી ઉજવણીઓ કરે છે તો શું આપણા પૂર્વજો પાસે આવા દિવસો નહોતા?'' સાસુ-વહુ બંને મારી સામે જોવા લાગ્યાં. મેં જવાબ આપ્યો, ''હતા... અને ખૂબ સમૃદ્ધ સ્વરૂપમાં હતા. ફરક માત્ર એટલો જ કે આજે આપણે તેને 'ડે' કહીએ છીએ, જ્યારે આપણા પૂર્વજોએ તેને 'વ્રત' અને 'તહેવાર'નું નામ આપ્યું હતું. આપણા પૂર્વજોએ જીવનમૂલ્યોને તહેવારોમાં વણી દીધાં. પરિણામે, દર વર્ષે આખો સમાજ એક દિવસ માટે એ મૂલ્યને જીવી લેતો, જે થકી તે આદત બની જતી.'' પછી તો તૃપ્તિબેન અને ઉન્નતિએ હોંશભેર આ ચર્ચા આગળ વધારી અને અનેક વ્રત અને તહેવારો પાછળનાં મૂલ્યો બતાવ્યાં.

અંતે ઉન્નતિએ તૈયારી બતાવી કે તે તેનાં સંતાનોને આ વ્રતો થકી જીવનનાં મૂલ્યો સાચવવાની સમજ જ નહીં પણ પ્રત્યક્ષ તેમ કરીને તેવું જીવીશ. તેણે ખૂબ સરસ કહ્યું કે, ''હું વ્રત-તહેવાર નહીં ઉજવીશ તો કદાચ એક દિવસ પસાર થઈ જશે પરંતુ જો તેની પાછળનાં મૂલ્યો નહીં સમજાવીશ તો આખી પેઢી કંઈક ગુમાવી બેસશે, એવું ભાન મને આજે થયું.'' તૃપ્તિબેને પોતાની સાસુ દ્વારા ચાલી આવતી પરંપરાઓને સમજ્યા વિના બંધ કરવાનો વસવસો વ્યક્ત કર્યો. જે તકરાર લઈને સાસુવહુ આવ્યાં હતાં, તે બાજુ પર મૂકીને, એકમતે તેઓ ઊભાં થયાં. પછી તો તૃપ્તિબેન અને ઉન્નતિ સાથે અવારનવાર આવી ચર્ચાઓ થતી રહી અને એ દરમ્યાન સાસુવહુ ક્યારે સમાન મતના થઈ ગયાં તેની જાણ જ ન થઈ.

**'પરંપરા એ ભૂતકાળનો ભાર નથી, ભવિષ્યને સાચવવાનો આધાર છે.'**

આજે ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ અને પર્યાવરણીય અસંતુલન જેવી ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે. તેની પાછળ ઔદ્યોગિક વિકાસ, અતિશય વપરાશ, વનવિનાશ અને પ્રદૂષણ જેવાં અનેક કારણો છે પરંતુ સાથે સાથે એક વાત પણ સાચી છે કે જ્યારે સમાજમાંથી સંયમ, પ્રકૃતિ પ્રત્યેની સંવેદના અને સહઅસ્તિત્વ જેવાં મૂલ્યો નબળાં પડે છે, ત્યારે આવી સમસ્યાઓ સામે લડવું વધુ મુશ્કેલ બની જાય છે. આથી **આજે કદાચ આપણને પરંપરાની સૌથી વધુ જરૂર છે - વિધિ તરીકે નહીં પરંતુ જીવનમૂલ્ય તરીકે.** મૂલ્ય હશે તો પરિવાર-સંબંધો-સમાજ કે પ્રકૃતિ જાળવવાની તકલીફ નહીં પડે, તે આપોઆપ જળવાશે.

**'પરંપરા બદલાતી નથી, તેની અભિવ્યક્તિ બદલાય છે.'**

જો આપણે માત્ર વિધિને બચાવીશું તો કદાચ આવતી પેઢી તેને છોડી દેશે પરંતુ જો આપણે તેની પાછળનાં જીવનમૂલ્યોને જીવંત રાખીશું તો આવતી પેઢી તેને પોતાની ભાષામાં, પોતાની જીવનશૈલીમાં અને પોતાના સમય અનુસાર ફરીથી જીવશે.

એ જ તો સનાતન છે. એ જ આપણા પૂર્વજોની દૂરદર્શિતા છે અને એ જ આપણી આગામી પેઢી માટેની સૌથી મોટી જવાબદારી છે.

ચાલો! આપણા પૂર્વજોએ વ્રત થકી જીવનમૂલ્યોને પેઢી દર પેઢી પહોંચાડવા માટે બનાવેલી 'સાંસ્કૃતિક મેમરી સીસ્ટમ'ને સમજીએ અને નવી પેઢી સુધી પહોંચાડીએ.

Instagram@gita.shroff

> **'પરંપરા એટલે રાખમાં સાચવેલી ચિંગારી નહીં પરંતુ એક દીવો છે, જે દરેક યુગમાં નવા તેલથી પ્રગટતો રહે છે. જો દીવો જ બુઝાઈ જાય તો અંધકાર આવે અને જો તેલ જ ન બદલાય તો દીવો પણ બુઝાઈ જાય એટલે પરંપરાનું મૂળ જાળવવું અને સમય પ્રમાણે તેની અભિવ્યક્તિ બદલવી- એ જ સાચો સનાતન ધર્મ છે.'**